સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગની ટર્મ્સ ઓફ રેફરન્સ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/GOI-2/અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૦૨/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૦૮/૦૭/૨૦૨૨નો ઠરાવ ક્ર.:સશપ/૧૨૨૦૨૨/GOI-૨/અ
(૨) આ વિભાગનો તા.૧૨/૦૭/૨૦૨૨નો સુધારા ઠરાવ ક્ર.:સશપ/૧૨૨૦૨૨/GOI-૨/અ
(૩) આ વિભાગનો તા.૧૨/૦૭/૨૦૨૨નો ઠરાવ ક્ર.:સશપ/૧૨૨૦૨૨/GOI-૨/અ
(૪) આ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્ર.:સશપ/૧૨૨૦૨૨/GOI-૨/અ
(૫) આ વિભાગનો તા.૧૦/૧૧/૨૦૨૨નો ઠરાવ ક્ર.:સશપ/૧૨૨૦૨૨/ GOI-૨/અ
(૬) આ વિભાગનો તા.૦૯/૦૧/૨૦૨૩નો ઠરાવ ક્ર.: SJED/MSM/e-file/17/2022/0140/A
(૭) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટેના સમર્પિત આયોગનો તા.૦૯/૦૨/૨૦૨૩નો પત્ર ક્ર.:સમર્પિત આયોગ/૨૦૨૩/૨૨

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) માં દર્શાવેલ ઠરાવથી શ્રી કે. એસ. ઝવેરી, નિવૃત માન. મુખ્ય ન્યાયધીશશ્રીના અધ્યક્ષસ્થાને "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ની રચના કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના તા.૧૨/૦૭/૨૦૨૨ના ઠરાવથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગના ટર્મ્સ ઓફ રેફરન્સ નક્કી કરવામાં આવેલ છે. આ ટર્મ્સ ઓફ રેફરન્સના ક્રમ-(૫) મુજબ આયોગે ૯૦ દિવસમાં રાજ્ય સરકારને અહેવાલ/ભલામણ સોંપવાની રહેશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) માં દર્શાવેલ ઠરાવથી સમર્પિત આયોગની અહેવાલ/ભલામણ સોંપવાની મુદ્દત તા.૧૦/૧૧/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ હતી. ત્યાર બાદ વંચાણે લીધેલ ક્રમાંક (૫) માં દર્શાવેલ ઠરાવથી સમર્પિત આયોગની અહેવાલ/ભલામણ

13/02/2023

સોંપવાની મુદ્દત તા.૧૦/૦૧/૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ હતી. અંતે વંચાણે લીધેલ ક્રમાંક (૬) માં દર્શાવેલ ઠરાવથી સમર્પિત આયોગની અહેવાલ/ભલામણ સોંપવાની મુદ્દત તા.૧૦/૦૨/૨૦૨૩ સુધી લંબાવવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક (૭)ના સમર્પિત આયોગના તા.૦૯/૦૨/૨૦૨૩ના પત્રથી અહેવાલ રજૂ કરવા મુદત લંબાવવી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટેના સમર્પિત આયોગની અહેવાલ/ભલામણ સોંપવાની મુદત તા.૨૦/૦૨/૨૦૨૩ સુધી આથી લંબાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- રાજ્ય ચૂંટણી કમિશનરશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- શ્રી કે. એસ. ઝવેરી, માન. અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રી સભ્ય સચિવશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કો.સેલ., વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ